શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેકટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

પંચકર્મ - અગ્નિકર્મ - વેદનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
ઘૂંટણનો દુઃખાવો

DTRT, ઉપનાહ સ્વેદન, લેપન, વેદાગ્નિકર્મ, પંચકર્મ
EKLપંચકર્મ, પટ્ટબંધન, અગ્નિકર્મ, ક્ષારકર્મ, વેદનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ વદ ચૌદસ બુધવાર ૧૮ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૨૨

પાનાં ૧૦+૧૬ કિંમત ₹ ૫.૦૦

પાક.નો કાબુલ પર હવાઈ હુમલો 400નાં મોત

તાલીબાન શાસકો કહે છે કે જેના પર બોમ્બમારો કરાયો તે વ્યસન મુક્તિ માટે કાર્યરત એક હોસ્પિટલ હતી

કાબુલમાં ટીટીપીના ત્રાસવાદી અડ્ડાઓ અને તેમના મદદગારો પર હવાઇ હુમલા કરાયા હોવાનો પાકિસ્તાનનો દાવો

ઈસ્લામાબાદ, તા. 17 (PTI): પાકિસ્તાને રાત્રિ દરમિયાન અફઘાનિસ્તાનમાં આતંકવાદીઓ અને તેમના સહાયક માળખાગત ઠેકાણાઓ હોવાનું જણાવીને ત્યાં ચોકસાઇપૂર્ણ હવાઈ હુમલા કર્યા હતા. જો કે, અફઘાન સરકારે ઈસ્લામાબાદ પર કાબુલમાં એક પુનર્વસન હોસ્પિટલ પર બોમ્બમારો કરવાનો આરોપ લગાવ્યો છે, જેમાં ઓછામાં ઓછા 400 લોકોનાં મોત થયા છે.

પાકિસ્તાનના માહિતી અને પ્રસારણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, 26 ફેબ્રુઆરીએ શરૂ કરવામાં આવેલું 'ઓપરેશન ગઝબ લિલ હક' હજુ ચાલુ છે, જે અંતર્ગત આ તાજેતરના હુમલા કરવામાં આવ્યા હતા. પાકિસ્તાને 2,600 કિમી લાંબી સરહદ પર અફઘાન તાલિબાન દળો દ્વારા કથિત હુમલાઓના જવાબમાં આ ઓપરેશન શરૂ કર્યું હતું. પાકિસ્તાનના માહિતી મંત્રી અતા તરારે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, પાકિસ્તાની સશસ્ત્ર દળોએ 16 માર્ચની રાત્રે 'ઓપરેશન ગઝબ લિલ હક' ના ભાગરૂપે સફળતાપૂર્વક સચોટ હવાઈ હુમલા કર્યા હતા, જેમાં કાબુલ અને નાંગરહારમાં આતંકવાદને પ્રોત્સાહન આપતા અફઘાન તાલિબાન શાસનના સૈન્ય સ્થાપનોને નિશાન બનાવવામાં આવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો

કે કાબુલમાં બે સ્થળોએ ટેકનિકલ સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને દારૂગોળો સંગ્રહ કરવાની સુવિધાઓ અસરકારક રીતે નષ્ટ કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, હુમલા પછી થયેલા અન્ય વિસ્ફોટો સ્પષ્ટપણે મોટા દારૂગોળાના ડેપોની હાજરી સૂચવે છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે નાંગરહારમાં અફઘાન તાલિબાન શાસનની આતંકવાદને પ્રોત્સાહન આપતી ચાર સૈન્ય સાઇટ્સ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં સંકળાયેલ લોજિસ્ટિક્સ, દારૂગોળો અને તકનીકી માળખાનો નાશ કરવામાં આવ્યો હતો.

જો કે, અફઘાન તાલિબાન શાસિત સરકારના નાયબ પ્રવક્તાએ જણાવ્યું હતું કે સોમવારે રાત્રે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા બોમ્બમારામાં અફઘાનિસ્તાનની રાજધાનીમાં આવેલા ડ્રગ રિહેબિલિટેશન સેન્ટર (વ્યસન મુક્તિ કેન્દ્ર)ને નિશાન બનાવવામાં આવ્યું હતું, જેના પરિણામે ઓછામાં ઓછા 400 લોકોના મોત થયા હતા અને 250 અન્ય ઇજાગ્રસ્ત થયા હતા. X પરની એક પોસ્ટમાં ફિતરતે જણાવ્યું હતું કે હુમલામાં હોસ્પિટલનો મોટો હિસ્સો નાશ પામ્યો છે અને બચાવ ટુકડીઓ કાટમાળમાંથી મૃતદેહોને બહાર કાઢવાનો પ્રયાસ કરી રહી છે. હોસ્પિટલના આરોગ્ય અધિકારીઓને ટાંકીને મંગળવારે ટોલો ન્યૂઝે અહેવાલ આપ્યો હતો કે બચાવ કામગીરી ચાલુ હોવાથી 50 થી વધુ મૃતદેહો હજુ પણ કાટમાળ નીચે દબાયેલા હોવાની આશંકા છે.

આ હવાઈ હુમલામાં પુનર્વસન સંકુલના પાંચ બ્લોક્સ નાશ પામ્યા છે, જ્યાં 3,000 જેટલા દર્દીઓ સારવાર લઈ રહ્યા હતા. જો કે તરારે દાવો કર્યો હતો કે પાકિસ્તાને કાબુલ અને નાંગરહારમાં અફઘાન તાલિબાન અને 'ફિતના અલ-ખ્વારીજ' ના ટેકનિકલ સાધનોના સ્ટોરેજ અને દારૂગોળાના સંગ્રહ સહિત સૈન્ય સ્થાપનો અને આતંકવાદી સહાયક માળખાને સચોટ રીતે નિશાન બનાવ્યા હતા, જેનો ઉપયોગ નિર્દોષ પાકિસ્તાની નાગરિકો સામે કરવામાં આવતો હતો.

'ફિતના અલ-ખ્વારીજ' એ પ્રતિબંધિત તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) માટે પાકિસ્તાની સરકાર દ્વારા ઉપયોગમાં લેવાતો શબ્દ છે.

તેમણે કહ્યું, તાલિબાન શાસનના પ્રચારકો દ્વારા કરવામાં આવેલા ખોટા દાવાઓ અફઘાનો અને વિશ્વને આ પ્રદેશમાં આતંકવાદને ટેકો આપવા અને પ્રાયોજિત કરવાના તેમના જઘન્ય કૃત્યોથી ગુમરાહ કરી શકશે નહીં.

અત્યાર સુધીમાં ૬૮૪ તાલીબાન કાર્યકરો માર્યા ગયા હોવાનો પાકિસ્તાનનો દાવો

તરાર દ્વારા શેર કરવામાં આવેલા ડેટા મુજબ અત્યાર સુધીમાં 684 અફઘાન તાલિબાન ઓપરેટિવ માર્યા ગયા છે અને અન્ય 912 ઇજાગ્રસ્ત થયા છે. તેમણે જણાવ્યું હતું કે તેમની 252 ચોકીઓ નાશ પામી છે, જ્યારે 44 કબજે કરીને નષ્ટ કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે તાલિબાન શાસનની 229 ટેન્કો, સશસ્ત્ર વાહનો અને આર્ટિલરી ગન નાશ પામી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અફઘાનિસ્તાનભરમાં લગભગ 73 આતંકવાદીઓ અને તેમના સહાયક માળખાગત સ્થાનોને અસરકારક રીતે નિશાન બનાવવામાં આવ્યા છે.

ઈરાન સાથે ઈઝરાયલના દબાણથી અમેરિકાએ યુદ્ધ કર્યું : જો કેન્ટ

ઇરાન સાથેનું યુદ્ધ ઉગ્ર બન્યું છે ત્યારે ટ્રમ્પ તંત્રમાંથી સૌથી હાઇ-પ્રોફાઇલ વિદાય

ઇરાન યુદ્ધના વિરોધમાં અમેરિકાના ટોચના ત્રાસવાદ વિરોધી અધિકારી જો કેન્ટનું રાજીનામુ

વોશિંગ્ટન, તા. 17 : નેશનલ કાઉન્ટરટેરરિઝમ સેન્ટરના ડાયરેક્ટર જો કેન્ટે મંગળવારે પોતાના પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું હતું કે તેઓ શુદ્ધ અંતઃકરણ સાથે ઈરાન સામેના ટ્રમ્પ વહીવટીતંત્રના યુદ્ધને સમર્થન આપી શકે તેમ નથી.

કેન્ટે સોશિયલ મીડિયા પર કહ્યું કે, ઈરાન આપણા રાષ્ટ્ર માટે કોઈ તાત્કાલિક જોખમ ઊભું કરતું નહોતું, અને તે સ્પષ્ટ છે કે આપણે ઈઝરાયેલ અને તેની શક્તિશાળી અમેરિકન લોબીના દબાણને કારણે આ યુદ્ધ શરૂ કર્યું છે. આ બાબતે વ્હાઇટ હાઉસ તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી ન હતી. કેન્ટ, જે અગાઉ રાજકીય ઉમેદવાર રહી ચૂક્યા છે અને જમણેરી કટ્ટરવાદીઓ સાથે સંપર્ક ધરાવે છે, ગત જુલાઈમાં ૫૨-૪૪ મતોથી આ પદ પર નિયુક્ત થયા હતા.

અમેરિકા અને ઈરાન વચ્ચે સતત વધી રહેલા સૈન્ય સંઘર્ષની વચ્ચે મધ્ય પૂર્વમાં તણાવ વધી રહ્યો છે, તેવા સમયે કેન્ટનું આ રાજીનામું આવ્યું છે. જ્યારથી આ સંઘર્ષ ઉગ્ર બન્યો છે, ત્યારથી વહીવટીતંત્રમાંથી આ એક સૌથી હાઈ-પ્રોફાઈલ વિદાય માનવામાં આવે છે. નેશનલ કાઉન્ટર ટેરરિઝમ સેન્ટરના ડાયરેક્ટર તરીકે, કેન્ટ એક મહત્વની અમેરિકી ગુપ્તચર સંસ્થાનું નેતૃત્વ કરી રહ્યા હતા. આ સંસ્થા ગુપ્તચર સમુદાય, પેન્ટાગોન અને કાયદા અમલીકરણ એજન્સીઓ સહિત અમેરિકાના વિવિધ સરકારી વિભાગો વચ્ચે આતંકવાદ વિરોધી ગુપ્ત માહિતીના સંકલનમાં કેન્દ્રીય ભૂમિકા ભજવે છે.

હોર્મુઝની ખાડીમાંથી બીજું ભારતીય LPG ટેન્કર કંડલા બંદરે પહોંચ્યું

સોમવારે પ્રથમ જહાજ 'શિવાલિક' ગુજરાતના મુંદ્રા બંદરે પહોંચ્યા પછી હવે નંદા દેવીનું આગમન

કુલ 92,712 ટન એલપીજી લઇને આવેલા બંને જહાજોમાંથી ગેસ સ્થળાંતરીત કરવાની પ્રક્રિયા શરૂ

નવી દિલ્હી, તા. 17 (PTI): યુદ્ધગ્રસ્ત હોર્મુઝની ખાડીમાં ફસાયેલા ભારતીય જહાજોને સુરક્ષિત લાવવાના પ્રયાસો વચ્ચે, મંગળવારે વહેલી સવારે બીજું ભારતીય એલપીજી ટેન્કર 'નંદા દેવી' સુરક્ષિત રીતે ગુજરાતના કંડલા બંદરે પહોંચી ગયું છે. બંદર અને શિપિંગ મંત્રાલયના સ્પેશિયલ સેક્રેટરી રાજેશ કુમાર સિન્હાએ જણાવ્યું હતું કે, આ જહાજ મંગળવારે સવારે 2:30 વાગ્યે કંડલા પહોંચ્યું હતું. આ અગાઉ સોમવારે પ્રથમ જહાજ 'શિવાલિક' ગુજરાતના જ મુંદ્રા બંદરે પહોંચ્યું હતું. આ બંને જહાજો કુલ 92,712 ટન એલપીજી લઈને આવ્યા છે, જે ભારતમાં રસોઈ ગેસની એક દિવસની જરૂરિયાત પૂરી કરવા માટે પૂરતો છે. હાલ 'નંદા દેવી' જહાજમાંથી ગેસ

...અનુસંધાન પાના 5 પર

અમેરિકામાં વાવાઝોડા સાથે આંશિક શટડાઉને લોકોની હાલત બગાડી

તોફાની પવન અને બરફવર્ષા સાથેના વાવાઝોડાને કારણે સેંકડો ફ્લાઇટો રદ

દેશમાં ફેબ્રુઆરીથી આંશિક શટડાઉન ચાલતું હોવાથી કર્મચારીઓની અછતને કારણે એરપોર્ટ ચેકપોઇન્ટો પર અંધાધૂંધી

એટલાન્ટા, તા. 17 (AP): શક્તિશાળી વાવાઝોડાએ દેશના પૂર્વીય ભાગમાં તબાહી મચાવ્યાના એક દિવસ બાદ, અમેરિકામાં મંગળવારે સેંકડો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી અથવા વિલંબિત થઈ હતી, જેના કારણે વિવિધ શહેરોમાં હવાઈ મુસાફરી ખોરવાઈ ગઈ હતી.

આંશિક 'ગવર્નમેન્ટ શટડાઉન'ને કારણે સુરક્ષા તપાસકર્તાઓની સંખ્યામાં ઘટાડો થતા મુસાફરો એરપોર્ટ સુરક્ષા ચેકપોઇન્ટ પર ભારે ભીડનો સામનો કરી રહ્યા છે. હવાઈ મુસાફરી માટે આ પહેલેથી જ એક પડકારજનક સમય છે, કારણ કે ૧૪ ફેબ્રુઆરીથી શરૂ થયેલા શટડાઉનને લીધે કેટલીક સુરક્ષા ચેકપોઇન્ટ પર સ્ટાફનું દબાણ વધ્યું છે. તે જ સમયે, એરપોર્ટ પર 'સ્પ્રિંગ બ્રેક' ના મુસાફરો અને વાર્ષિક NCAA મેન્સ અને વિમેન્સ કોલેજ બાસ્કેટબોલ

...અનુસંધાન પાના 5 પર

દિલ્હી ડાયરી

લોકસભામાં વિશેષાધિકાર સમિતિની રચના

લોકસભામાં ડેપ્યુટી સ્પીકરનું પદ હજી પણ ખાલી છે, વર્તમાન ગૃહ અસ્તિત્વમાં આવ્યાના લગભગ બે વર્ષ પછી લોકસભાના સ્પીકરે ૧૮મી લોકસભાની રચનાના લગભગ બે વર્ષ બાદ 'વિશેષાધિકાર સમિતિ'ની રચના કરીને સૌને ચોંકાવી દીધા છે. તેમણે નીચલા ગૃહના ૧૫ સભ્યોને આ સમિતિમાં નામાંકિત કરીને પ્રક્રિયા શરૂ કરી છે. ગૃહ અને તેના સભ્યોના વિશેષાધિકાર ભંગના કેસોની તપાસ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે તે પેનલના અધ્યક્ષ ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદ હશે. જ્યારથી તેમને કેન્દ્રીય કેબિનેટમાંથી હટાવવામાં આવ્યા

...અનુસંધાન પાના 5 પર

તા. ૧૭-૦૩-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૨.૯° સે.	૨૧.૯° સે.	૫૩%

ટ્રમ્પનો ચીન પ્રવાસ મોકૂફ : હોર્મુઝની ખાડીમાં સુરક્ષા મુદ્દે ચીન પર દબાણ વધાર્યું

ટ્રમ્પ આ મહિનાના અંતને બદલે હવે 5થી 6 અઠવાડિયા પછી ચીન જશે

વોશિંગ્ટન, તા. 17 (AP): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મહિનાઓથી આયોજિત પોતાનો ચીન પ્રવાસ પાછો ઠેલ્યો છે. ટ્રમ્પ ચીન અને અન્ય વૈશ્વિક શક્તિઓ પર હોર્મુઝની ખાડીને સુરક્ષિત કરવા માટે સૈન્ય મદદ આપવાનું દબાણ કરી રહ્યા છે, જેના કારણે આ મુલાકાત અનિશ્ચિત બની છે. ઓવલ ઓફિસમાં આયર્લેન્ડના વડા પ્રધાન સાથેની બેઠક દરમિયાન ટ્રમ્પે જણાવ્યું હતું કે, તેઓ આ મહિનાના અંતને બદલે હવે 5થી 6 અઠવાડિયા પછી ચીન જશે. ટ્રમ્પે સ્પષ્ટતા કરી ન હતી પરંતુ જણાવ્યું કે તેઓ ચીની પ્રમુખ શી જિનપિંગ સાથેની મુલાકાતની ફરીથી યોજના બનાવી રહ્યા છે. અગાઉ તેમણે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, તેઓ ચીન પ્રવાસ પર જતા પહેલા એ જાણવા માંગે છે કે શું બીજિંગ મધ્ય પૂર્વના તેલ માર્ગને સુરક્ષિત કરવામાં મદદ કરશે કે નહીં. જોકે, અન્ય સાથી દેશો દ્વારા મદદનો ઈનકાર કરાયા બાદ ટ્રમ્પે એવો પણ દાવો કર્યો કે અમેરિકાને કોઈની મદદની જરૂર

...અનુસંધાન પાના 5 પર

લોકસભામાં આઠ વિપક્ષી સાંસદોનું સસ્પેન્શન રદ

નવી દિલ્હી, તા. 17 (PTI): લોકસભાએ મંગળવારે 'અશિસ્ત' વર્તન બદલ ફેબ્રુઆરીથી સસ્પેન્ડ કરાયેલા વિપક્ષના આઠ સભ્યોનું સસ્પેન્શન તાત્કાલિક અસરથી રદ કર્યું છે. સ્પીકર ઓમ બિરલાએ આ નિર્ણય લેતી વખતે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ગૃહની અંદર કે સંસદ સંકુલમાં પ્લેકાર્ડ, પોસ્ટર, ફોટા અથવા એઆઈથી બનાવેલા ફોટાઓનું પ્રદર્શન કરવું જોઈએ નહીં. કૉંગ્રેસના સભ્ય કે. સુરેશે ગૃહમાં

...અનુસંધાન પાના 5 પર

ભારતમાં વધતી જતી યુવા બેરોજગારી તરફ ઈશારો કરતા રિપોર્ટથી સરકારના દાવાની પોલ ખુલી

દેશમાં 1.1 કરોડ યુવા ગ્રેજ્યુએટ્સ બેકાર

માત્ર 7 ટકા ગ્રેજ્યુએટ્સ જ સ્નાતક થયાના એક વર્ષની અંદર કાયમી પગારવાળી નોકરી મેળવવામાં સફળ રહે છે

દર વર્ષે અંદાજે 50 લાખ ગ્રેજ્યુએટ્સ પૈકી માત્ર 28 લાખ લોકોને જ રોજગાર મળે છે

નવી દિલ્હી, તા. 17 (PTI): ભારતમાં 20થી 29 વર્ષની વયના કુલ 6.3 કરોડ ગ્રેજ્યુએટ્સમાંથી 1.1 કરોડ યુવાનો બેરોજગાર છે, એમ અઝીમ પ્રેમજી યુનિવર્સિટીના 'સ્ટેટ ઓફ વર્કિંગ ઈન્ડિયા' અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. અહેવાલ મુજબ, માત્ર 7 ટકા ગ્રેજ્યુએટ્સ જ સ્નાતક થયાના એક વર્ષની અંદર કાયમી પગારવાળી નોકરી મેળવવામાં સફળ રહે છે. શિક્ષણ ક્ષેત્રે થયેલા વિકાસને કારણે ગ્રેજ્યુએટ્સની સંખ્યામાં મોટો વધારો થયો છે, પરંતુ તે મુજબ રોજગારીની તકો ઉભી થઈ નથી. 15થી 25 વર્ષની વયના યુવાનોમાં બેરોજગારીનો દર લગભગ 40 ટકા જેટલો ઊંચો છે, જ્યારે 25થી 29 વર્ષની વયના જૂથમાં આ દર 20 ટકા છે. 2004-05થી 2023 વચ્ચે દર વર્ષે અંદાજે 50 લાખ ગ્રેજ્યુએટ્સ શ્રમ બજારમાં ઉમેરાયા હતા, જેની સામે માત્ર 28 લાખ લોકોને જ રોજગાર મળી શક્યો હતો. અહેવાલ મુજબ, 2017માં શિક્ષણ છોડનારા 38 ટકા

...અનુસંધાન પાના 5 પર